ગાંધીનગર સમાચાર

**નરેન્દ્ર મોદી જન્મદિન આદિવાસી સાથે મનાવશે**




પ્રતિક્રમણ - સંવતસરીના પાવન પર્વે જૈન સમાજ પરિવારમાં પ્રતિક્રમણનો અનોખો મહિમા છે... પ્રત્યેકના જીવનમાં પ્રતિક્રમણ મહત્વની ભૂમિકા ભજવે છે... સ્વંય તરફ પાછા વળવું, જાત તરફ પાછા વળવું... એનું નામ પ્રતિક્રમણ... જાતને અંદરથી ઉલેચીને ઓળખવી અને સૌના પ્રત્યે સદભાવ વ્યક્ત કરવો એ પ્રતિક્રમણનો ભાગ છે... પ્રતિક્રમણના અંતે સૌ એક-મેકને મળીને મિચ્છામી દુક્કડમની અભિવ્યક્તિ કરે છે... મન, કર્મ અને વચનથી જાણે-અજાણે થયેલી ભૂલોને માફ કરવાની માંગણી કરે છે અને પરસ્પર સદભાવની લાગણી છલકાવે છે.... પ્રતિક્રમણ બાદ લાગણીનો મેળો ભરાય છે... અને સૌ પરસ્પર એક-મેકને ભેટીને ભૂતકાળ ભૂલીને સંબંધોને વધુ મજબૂત કરવાની ઈચ્છા વ્યક્ત કરે છે... સૌને મિચ્છામી દુક્કડમ

# જિલ્લાના શિક્ષકો સાથે રાજ્યપાલે સહચિંતન કર્યું

**રાજભવનમાં રાજ્યપાલે શિક્ષક-વાલી-વિદ્યાર્થીના સંબંધોને લઈ બે કલાક જિલ્લાના શિક્ષકો સાથે ચિંતન કયુ : મૂલ્યનિષ્ઠ શિક્ષણ માટે શુ ખૂટે છે; બાળકમાં શિક્ષણના તનાવને દૂર કેવી રીતે કરીશુ જેવા પ્રશ્નો અને પ્રવૃત્તિલક્ષી શિક્ષણની હિમાયત આ બેઠકમાં થઈ**

ગાંધીનગર, તા. ૫

આજે શિક્ષક દિનની ઉજવણી સાવ અનોખી રીતે રાજભવન ખાતે થઈ હતી. રાજ્યના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ આજે જિલ્લાની ૪૦ શાળાના આચાર્ય, ૪૦ શિક્ષક અને ૪૦ વિદ્યાર્થીઓ સાથે મળી શિક્ષક અને વિદ્યાર્થી, શિક્ષક અને વાલી વચ્ચેના સંબંધો, શિક્ષણ નીતિમાં શુ સુધારા હોવા જોઈએ, મૂલ્યનિષ્ઠ શિક્ષણ માટે શું ખૂટે છે તેમજ બાળકમાં રહેલા શિક્ષણના તનાવને કેવી રીતે દૂર કરી શકીશુ જેવા મુદ્દાઓને લઈ બે કલાક સુધી ચિંતન કર્યુ હતુ.

રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલી પોતે અધ્યાપક રહ્યા છે અને શિક્ષણ એ તેમનો પ્રિય વિષય છે. તેઓ આજે પણ રાજભવનના કર્મચારીઓના સંતાનોને નિયમિત બે કલાક અંગ્રેજી ભણાવે છે.

આજે રાજભવનમાં ખુલ્લા મને તેમને શિક્ષણને લઈ આચાર્યો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે ચિંતનમાં બે કલાક ગાળતાં શહેરના શિક્ષણપ્રેમીઓમાં આનંદની લાગણી

● અનુસંધાન પાન-૭ પર

# સે-૧૦માં નવનિર્મિત જી.પી.એસ.સી. ભવનનુ મુખ્યમંત્રીએ લોકાપર્ણ કર્યુ

**છેલ્લા પાંચ દાયકાથી લાલદરવાજા ખાતે કાર્યરત ભવનની કચેરી ગાંધીનગરમાં ધમધમશે : ૬ મજલાના બિલ્ડીંગમાં તમામ સુવિધા : એકસાથે ૮૦૦ વિદ્યાર્થીઓ ઓનલાઇન પરીક્ષા આપી શકશે**




ગાંધીનગર તા ૫

સે-૧૦ માં જી પી એસ સી ભવનનુ આજે મુખ્યમંત્રીના હસ્તે ઉદ્યાટન કરવામાં આવ્યુ હતુ નવ નિર્મિત જી પી એસ સી ભવનને તૈયાર કરવા માટે રૂ ૨૫ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. ૬ મજલાના આ બિલ્ડીંગને સુવિધાસભર બનાવવા કોર્પોરેટ ટચ આપવામાં આવ્યો છે.ગુજરાત જાહેર સેવા આયોગની કચેરી માટે નવુ બિલ્ડીંગ તૈયાર કરી દેવાતા હવે જી પી એસ સી ભવનનો વહીવટી કાર્યભાર અહીં ધમધમશે. આ ભવનમાં એકસાથે ૮૦૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

શહેરમાં સે-૧૦ ખાતે જી પી એસ સી ભવનની નવી કચેરી માટે બિલ્ડીંગ તૈયાર કરવામાં આવ્યુ છે. છેલ્લા ત્રણ મહીનાથી કચેરીનુ બિલ્ડીંગ તૈયાર કરી દેવાતા ઉદઘાટનની રાહ જોવાતી હતી. જયારે આજે સાંજે ૪ કલાકે મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા નવ નિર્મિત બિલ્ડીંગને ખુલ્લુ મુકવામાં આવ્યુ હતુ.આ બિલ્ડીંગના નિર્માણ પાછળ રૂ ૨૫ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ બિલ્ડીંગમાં ૨૧ વિભાગીય

● અનુસંધાન પાન-૭ પર

# નરેન્દ્ર મોદી જન્મદિન આદિવાસી સાથે મનાવશે

**મોદી આદિવાસી રેલીને સંબોધન પણ કરશે : ગુજરાત વિધાનસભા માટે ચૂંટણી પહેલા મોદી ભાજપના કાર્યકરોમાં ઉત્સાહ વધારવા કેટલાક કાર્યક્રમમાં આવશે**

ગાંધીનગર,તા. ૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૭મી સપ્ટેમ્બરના દિવસે તેમના ૬૬માં જન્મદિવસની ઉજવણી ગુજરાતના આદિવાસી લોકો સાથે મનાવવા નિર્ણય કરી ચુક્યા છે જેના ભાગરુપે તેઓ પહોંચનાર છે. દાહોદ અથવા તો નવસારી નજીક મોદી તેમના જન્મદિવસની ઉજવણી આદિવાસીઓ સાથે કરે તેવી શક્યતા છે. આને લઈને ભાજપના કાર્યકરોમાં પણ પહેલાથી જ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ૧૭મી સપ્ટેમ્બરના દિવસે તેઓ પહોંચનાર છે. વડાપ્રધાનની ઓફિસ તરફથી મોદીના કાર્યક્રમના સંદર્ભમાં હજુ સુધી કોઈ વિગત આપવામાં આવી નથી પરંતુ રાજ્ય સરકારના અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, મોદી આ મહિનામાં ગુજરાત આવનાર છે. મોદી ૧૭મી સપ્ટેમ્બરના દિવસે દાહોદ નજીક એક સ્થળે એકત્રિત આદિવાસી લોકોને સંબોધન પણ કરનાર છે. તેઓ આદિવાસી કલ્યાણમાં ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકારની સિદ્ધિઓના સંદર્ભમાં વાત કરશે. સાથે સાથે આદિવાસીઓની એક મોટી રેલીને પણ સંબોધન કરશે. મોદી દ્વારા આ વર્ષે નવેમ્બર મહિનામાં પણ ફરી મુલાકાત લેવામાં આવશે. આ ઉપરાતં જાન્યુઆરી ૨૦૧૭માં યોજાનારી ગુજરાત વાઈબ્રન્ટ ઈન્વેસ્ટર સમિટમાં પણ ભાગ લેશે. વડાપ્રધાનની વારંવારની ગુજરાત યાત્રાને લઈને હવે રાજકીય પંડિતોમાં પણ ગણતરીનો દોર શરૂ થઈ ગયો છે. વર્ષ ૨૦૧૭માં ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજવામાં આવનાર છે. આને લઈને પણ ભાજપની છાપને સુધારવા અને

● અનુસંધાન પાન-૭ પર

# શિક્ષકોનો વ્યવસાય ઉમદા વ્યવસાય છે : વિજય રૂપાણી

**૪૨ શિક્ષકોને પારિતોષિકોથી સન્માનિત કરાયા : સમગ્ર શિક્ષક સમુદાયને શિક્ષક દિને આદર ભાવે વંદના**



અમદાવાદ,તા. ૫

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજયની શ્રેષ્ઠ ભાવિપેઢીનું નિર્માણ કરનારા સમગ્ર શિક્ષક આલમને રાજય સરકાર વતી શિક્ષક દિને વંદના કરી હતી. આ સંદર્ભમાં તેમણે ઉમેર્યું કે શિક્ષક પેઢીની સજજતા ઉપર જ ભવિષ્યનો પાયો છે. તેમાં કચાશ કે ઉણપ રાજય રાષ્ટ્રના ઘડતરને નબળું પાડશે તેવી ચિંતા સાથે દરેક શિક્ષક શિક્ષણમાં પ્રાણ પુરીને ખુંપી જઈને બાળકને દક્ષતા સજ્જતા આપતા શિક્ષણનું દાયિત્વ નિભાવી કાર્ય સંતોષ સાથે જીવન સંતોષ મળે તેવું સેવા કાર્ય કરે તે જ સમયની માંગ છે. વિજય રૂપાણીએ કહ્યું કે, ગુજરાતનો શિક્ષક શ્રેષ્ઠતા સજજતાની એરણે ખરો ઉતરે રાજયના સર્વાંગી વિકાસમાં ઉત્તમ યોગદાન આપનારી પેઢીનું સિંચન કરે ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે સદૈવ પ્રતિબદ્ધ રહે તેવી આપણી નેમ છે. શિક્ષક સમુદાય આ અપેક્ષાને અવશ્ય સાકાર કરશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો. તેમણે ગાંધીનગરમાં રાજય શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિતરણ સમારોહમાં શ્રેષ્ઠ શિક્ષકોને પ્રેરણા, આપતાં સ્પષ્ટ પણે જણાવ્યું કે, શિક્ષક અને તબીબ એ બે નોબેલ પ્રોફશન છે. સમાજ સમસ્તમાં તેની સેવા પરાયણતા, કર્તવ્યધર્મ અને ચારિત્ર્ય નિર્માણથી રાષ્ટ્રભાવના જગાવવાનું સેવા દાયિત્વ જ શિક્ષકને ગોવિંદથી પણ ઉચ્ચસ્થાન આપે છે. વિજય

● અનુસંધાન પાન-૭ પર


## અભિનંદન



**શ્રી ઝવેરભાઈ ચાવડા**

ભાજપની રાષ્ટ્રીય પરિષદના સભ્ય તરીકે શ્રી ઝવેરભાઈ ચાવડાની નિયુક્તિને અમે આવકારીને અભિનંદન આપીએ છીએ...

| | |
|---|---|
| ડી. પી. પરમાર | નરસિંહદાસ કે. વણકર |
| મણીલાલ એન. પરમાર | શામળભાઈ ડી. સુતરીયા |
| રમેશભાઈ ભલજીભાઈ પરમાર | અનીલભાઈ જે. ચક્રવર્તી |
| બાબુભાઈ ગલાભાઈ સોલંકી | ધીરજભાઈ સોલંકી |
| ભરતભાઈ મરચન્ટ | કાન્તીલાલ આઈ. મકવાણા |
| કુબેરભાઈ કાળાભાઈ વણકર | હર્ષદભાઈ ચાવડા |
| ગણેશભાઈ શિવરામ પરમાર | મફતલાલ પરમાર |
| ધનજીભાઈ એમ. જાદવ | નગીનભાઈ ડોડીયા |
| નિરંજન ચાવડા | જોઈતારામ ટી. તલાટી |


# શ્રેષ્ઠ સમાજ અને શ્રેષ્ઠ રાષ્ટ્ર બનાવવામાં શિક્ષકની જવાબદારી મોટી : ડૉ. વાઘવાણી

**સ્પર્ધાનો સમય હોઈ ગુણવત્તાસભર શિક્ષણ માટે આગામી વર્ષથી પંચાયત પણ પુરસ્કાર આપશે : રામાજી**




ગાંધીનગર, તા. ૫

શિક્ષણ શ્રેષ્ઠ નાગરિકત્વના ઘડતરનો પાયો છે અને શ્રેષ્ઠ સમાજ અને શ્રેષ્ઠ રાષ્ટ્ર બનાવવા માટેની સૌથી મહત્વની ભૂમિકા શિક્ષકની છે તેમ રાજયમંત્રી ડૉ. નિર્મલા વાઘવાણીએ આજે જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષકોને એવોર્ડ આપતાં કહ્યા હતા.

ડૉ. વાઘવાણીએ કહ્યું હતું કે સામાજિક અને સંસ્કારિક વિકાસની સાથે સાથે શ્રેષ્ઠ રાષ્ટ્ર બનાવવાનો સંકલ્પ સાકાર કરવાની દિશામાં અનેકવિધ પગલાં લેવાયા છે અને શિક્ષકો તેમાં કડીરૂપ ભૂમિકા નિભાવી રહ્યા છે તેનાથી વધુ ગૌરવ કયુ હોઈ શકે.

તેમણે તેમના પ્રવચનમાં રાષ્ટ્રપિતા ગાંધીજીનો ઉલ્લેખ કરી જણાવ્યુ હતુ કે વિદ્યાર્થીના આચરણમાં જો શિક્ષણ જોવા ન મળે તો કેળવણી શું કામની. બાળકોને શિક્ષણની સાથે સાથે મહેનતનો ગુણ પણ વિકસાવવો પડશે. સ્વચ્છતા અભિયાનમાં પણ વિદ્યાર્થીઓને સાંકળી શ્રેષ્ઠ સમાજ અને શ્રેષ્ઠ રાષ્ટ્ર બનાવવાની રાહ કંડારવાનો સમય

● અનુસંધાન પાન-૭ પર


**VAIBHAV FURNISHINGS INC.**

RETAIL SHOWROOM & FACTORY OUTLET



D'DECOR · DC TEX · HOMES · COPPER · Kurl-on PU FOAM · SPRINGFIT

• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS

Time : 11 a.m. to 9 p.m.
8, SIDDHRAJ ZORI, SARGAASAN - G'NAGAR
09414119651, 09829719885, 09462597151

Time : 9.30 a.m. to 7 p.m.
A-174, ELECTRONOICS ESTATE, G.I.D.C., SECTOR 26, G'NAGAR
09462597151, 09414119651



શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ

નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર

આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ

દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય

સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વિસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.

એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

**ROOPKALA**
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

**ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ**

ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે

- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્ક્વાયરી આવકાર્ય

ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com